# ૧૭ સપ્ટેમ્બર -૨૦૧૬ (શનિવાર)

**૧) નેપાળના વડાપ્રધાન ભારત પ્રવાસે :**

- નેપાળના વડાપ્રધાન પુષ્પ કમલ દહલ (પ્રચંડ) હાલમાં ભારતના ચાર દિવસના પ્રવાસે છે.
- બીજી વખત વડાપ્રધાન બન્યા પછી પ્રચંડની આ પ્રથમ ભારત યાત્રા છે.
- બંને દેશો વચ્ચે સહયોગ અને સુરક્ષાના વિવિધ ત્રણ કરાર થયા હતા જેમાં નેપાળમાં આવેલ ભૂકંપ પછી પૂન : નિર્માણ માટે ભારતે જાહેર કરેલી ૭.૫ કરોડ ડોલર (૫૦૩ કરોડ રૂા.) ની સહાય પણ સામેલ છે.

**(૨) ડૉ. પ્રભાકર શ્રોત્રિય :**

- પ્રસિદ્ધ હિન્દી સાહિત્યકાર, વિવેચક અને નાટ્યકાર પ્રભાકર ક્ષોત્રિયનું અવસાન.
- તેમનો જન્મ મધ્યપ્રદેશના જાવરા જિલ્લામાં થયો હતો.

**(૩) વડાપ્રધાન નરેન્દ્ર મોદી જન્મદિન :**

- વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી તેમનો ૬૭મો જન્મદિન ગુજરાતમાં ઉજવ્યો.
- નવસારી ખાતે દેશનો સૌથી મોટો ૧૧,૨૨૩ દિવ્યાંગોને સાધન સહાય વિતરણ કેમ્પ યોજાયો.
- વર્ષ ૨૦૧૫માં ગુજરાત સરકારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'જન્મદિનને' સ્વચ્છતા દિવસ તરીકે ઉજવ્યો હતો.

**દિવ્યાગો માટેની સરકારની વિવિધ યોજના :**

**(૧) એસ.ટીમાં વિનામૂલ્યે મુસાફરી :**

- તમામ પ્રકારની એસ.ટી બસમાં વિનામૂલ્યે / રાહત ભાડા દરે મુસાફરી માટેની છે ?

- દિવ્યાંગ કાર્ડની મુદ્દત આજીવન કરવામાં આવી.

**(૨) સ્વરોજગાર માટે સહાય :**

- દિવ્યાંગ વ્યક્તિને સ્વરોજગાર માટે મદદરૂપ થવા સહાયની રકમ રૂા. ૬૦૦૦ થી વધારીને રૂા. ૧૦૦૦૦ કરાઇ.

- આ લાભ ૪૦% થી વધુ દિવ્યાંગતા ધરાવતા તમામ દિવ્યાંગોને મળશે.

**(૩) દિવ્યાંગ લગ્ન સહાય યોજના :**

- દિવ્યાંગ વ્યક્તિના સામાન્ય વ્યક્તિ સાથે લગ્નના કિસ્સામાં દિવ્યાગને રૂા. ૫૦૦૦૦ની સહાય -

- દિવ્યાંગ દંપતીના લગ્નના કિસ્સામાં બંને દિવ્યાંગ વ્યક્તિને લાભ મળશે.

**(૪) દિવ્યાંગોના શિષ્યવૃત્તિ યોજના :**

- ૪૦% કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા બાળકને ધો. ૧ થી ૭ રૂા. ૧૦૦૦ ની શિષ્યવૃત્તિ

- ધો.૮ થી ઉચ્ચ અભ્યાસ સુધી રૂા. ૧૫૦૦ થી રૂા. ૫૦૦૦ ની શિષ્યવૃતિ

- શિષ્યવૃતિની રકમ વિદ્યાર્થીના બચત ખાતામાં સીધી જ જમા કરવાનું આયોજના

**(૫) દિવ્યાંગોના પરિવારજનોને વીમા સહાય યોજના :**

- દિવ્યાંગ વ્યક્તિના અકસ્માતે મૃત્યુ કે કાયમી અને સંપૂર્ણ અપંગતાના કિસ્સામાં ૧૦૦ ટકા વિમા સહાય સરકાર આપે છે.
- તથા અકસ્માતે બે આંખ કે બે પગ અથવા હાથ / પગ ગુમાવવાના કિસ્સામાં તેમજ એક આંખ અને એક અંગ ગુમાવવાના કિસ્સામાં ૧૦૦ ટકા વિમા સહાય સરકાર આપે છે.
- ઉપરની તમામ યોજનાઓમાં સરકારે કોઇપણ પ્રકારની આવક મર્યાદા રાખી નથી

પ્રશ્ન :

(૧) નેપાળના વડાપ્રધાન કોણ છે ?
- પુષ્પ કમલ દહલ

(૨) તાજેતરમાં નેપાળના વડાપ્રધાનની ભારત યાત્રા દરમિયાન ભારત નેપાળ વચ્ચે કેટલા કરાર થયા ?
- ત્રણ

(૩) 'પ્રચંડ' કોનું નામ છે ?
- પુષ્પ કમ દહલ

(૪) તાજેતરમાં અવસાન પામેલ પ્રભાકર શ્રોતિય ક્યાં રાજ્યના વતની હતા ?
- મધ્યપ્રદેશ

(૫) તાજેતરમાં કયા સ્થળે દિવ્યાંગોને સાધન સહાય કેમ્પ યોજાયો ?
- નવસારી

(૬) દિવ્યાંગ કાર્ડની મુદ્દત કેટલા વર્ષ કરવામાં આવી ?
- આજીવન

(૭) ૪૦૭ થી વધુ દિવ્યાંગતા ધરાવતા તમામ દિવ્યાંગને સ્વરોજગાર માટે કેટલી સહાય આપવામાં આવે છે ?
- રૂા. ૧૦૦૦

(૮) દિવ્યાંગ વ્યક્તિના સામાન્ય વ્યક્તિ સાથે લગ્નના કિસ્સામાં દિવ્યાંગને કેટલી સહાય મળે છે ?
- રૂા. ૫૦૦૦

(૯) દિવ્યાંગ દંપતિના લગ્નના કિસ્સામાં કેટલી સહાય મળવાપાત્ર છે ?
- બંને દિવ્યાંગને ૫૦-૫૦ હજાર રૂપિયા

(૧૦) ધો.૧ થી ૭માં ૪૦% કે તેથી વધુ દિવ્યાંગને કેટલી શિષ્યવૃત્તિ અપાય છે ?
- રૂા. ૧૦૦૦

(૧૧) દિવ્યાંગ શિષ્યવૃત્તિ સહાય યોજનામાં કેટલી આવક મર્યાદા છે ?
- દિવ્યાંગની કોઇપણ યોજનામાં આવક મર્યાદા નથી.

(૧૨) અકસ્માતે કાયમી અપંગતાના કેસમાં સરકાર કેટલા ટકા વિમો આપે છે ?
- ૧૦૦ ટકા

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧